# શાક હાટડી કીર્તન

પ્રો. બી.સી. પટેલ

નવેમ્બર 16, 2015

રાગ: "આપે આશિષ અલબેલડો ને સુણો કૃપા ભર્યા એના બોલ.."

**પ્રબોધિની આજ એકાદશી છે; અનુપમ સુખ ધામ રે...**

**ચાલો સહુ લ્હાવા લેવા રે.... ટેક**

ભાગવતી દીક્ષા હરિ એ લીધી ; ટાળવા અજ્ઞાન તમ રે .......

ચાલો સહુ લ્હાવા લેવા રે...1

દેવદિવાળી પણ રૂડી અનુપમ; કાર્તિકી માસ પુનમ રે .....

ચાલો સહુ લ્હાવા લેવા રે...2

દીપમાળા ધૃત બાતી રંગોળી ; શોભે મંદિરીયું આજ રે ....

ચાલો સહુ લ્હાવા લેવા રે...3

ભક્તિનંદન ધનશ્યામ જાગે આજ; દેવાને સુખ તમામ રે.....

ચાલો સહુ લ્હાવા લેવા રે...4

ચાતુર્માસ નિયમ પાલને ; રીઝ્યા છે ધર્મકુમાર રે ...

ચાલો સહુ લ્હાવા લેવા રે...5

ધર્મ સર્ગની શાક હાટડી સજાવી; બન્યા વેપારી ધનુ આજ રે ....

ચાલો સહુ લ્હાવા લેવા રે...6

રીંગણ મૂળા શેરડીને રૂપે ; વેચે છે જ્ઞાન અને ધ્યાન રે.....

ચાલો સહુ લ્હાવા લેવા રે...7

ગુવાર, વાલોર, ભીંડા ને ચોળી; તોલે છે સ્વયં શ્રીજી આજ રે...

ચાલો સહુ લ્હાવા લેવા રે ...8

ભાવ ભક્તિનો ને વજન ઉપાસના ; એ દામ માંગે છે દયાળ રે.....

ચાલો સહુ લ્હાવા લેવા રે...9

આવ્યા છે અક્ષરધામથી વ્હાલો; દેવાને મૂર્તિ સુખ દાન રે....

ચાલો સહુ લ્હાવા લેવા રે...10

લેરખડો લ્હેરમાં આવીને દે છે; દર્શન વિવિધ અવતાર રે......

ચાલો સહુ લ્હાવા લેવા રે...11

સર્વે અવતારો લીન કરે શ્રીજી; નિજ મૂર્તિની માંય રે....

ચાલો સહુ લ્હાવા લેવા રે...12

અનંત ઐશ્વર્યો દેખાડી વ્હાલો; સર્વાવતારીત્વ દર્શાવે રે.....

ચાલો સહુ લ્હાવા લેવા રે...13

સર્વોપરી ઉપાસના રૂડી; ભક્તિ પતિવ્રતા પેર રે.....

ચાલો સહુ લ્હાવા લેવા રે...14

સ્નેહ સભર નવધા ભક્તિ ને ; આજ્ઞા પાલન શિર સાટ રે....

ચાલો સહુ લ્હાવા લેવા રે...15

આ દામે લ્યો દિવ્ય સુખ અપાર; નહિ આવે આવો ફરી દાવ રે....

ચાલો સહુ લ્હાવા લેવા રે...16

બાપાશ્રી રૂપે આજે પ્રગટીને; છે સદાય પ્રગટ પ્રમાણ રે.....

ચાલો સહુ લ્હાવા લેવા રે...17

સ્વામિનારાયણ ગાદી મંદિરો ; આત્યંતિકી મોક્ષ હાટ રે.....

ચાલો સહુ લ્હાવા લેવા રે...18

સ્વામીબાપાએ સ્થાપી છે આપે ; હટારી આ નવખંડ મોઝાર રે.....

ચાલો સહુ લ્હાવા લેવા રે...19

વર્તમાન સમયે આચાર્ય સ્વામી; ચતુર સુકાની સુજાણ રે.....

ચાલો સહુ લ્હાવા લેવા રે...20

પ્રતિલોમ ભાવે મૂર્તિ ધારીને લ્યો; કથા જ્ઞાન ધ્યાન લ્હાવ રે....

ચાલો સહુ લ્હાવા લેવા રે...21

રાજી થઈ વ્હાલો દર્શન દે નિત; નવા સજી શણગાર રે...

ચાલો સહુ લ્હાવા લેવા રે...22

સેવક વિનવે ઘનશ્યામ પ્રભુને ; આપો ચરણકમળ સેવ રે...

ચાલો સહુ લ્હાવા લેવા રે...23

•••••••••••••••